# વિરોધપક્ષના નેતાશ્રીનું કાર્યાલય

## ગુજરાત વિધાનસભા, ગાંધીનગર.

**અખબારી યાદી** **તા.૧૯-૧૨-૨૦૦૯**

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અને ધારાસભ્યશ્રી સિધ્ધાર્થભાઇ પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતની ભા.જ.પ સરકારે ધર્મના નામે રાજનીતિ કરે છે. આજે ગુજરાત વિધાનસભામાં સરકારી સંકલ્પના નામે ધર્મની રાજનીતિ કરવાનો પ્રયત થયો છે. ગુજરાતના દલીત, ગરીબ અને આદિવાસી ભાઇઓ માટે જે કરવાના કામો હોય તે સરકાર કરતી નથી પરંતુ ધર્મના નામે દલીત સમાજને ઉશ્કેરવાનો પ્રયત્ન થયો છે. જે સંકલ્પ ગુજરાતની સરકારે વિધાનસભામાં રજુ કર્યો તેજ બાબત અંગે નામદાર સુપ્રિમ કોર્ટમાં પીટીશન પેન્ડીંગ છે. અને નિવૃત ચીફ જસ્ટીસ ઓફ ઈન્ડિયા દ્વારા આજ બાબત અંગેનો અહેવાલ લોકસભામાં રજુ થયો છે. આ અહેવાલ પર એકશન ટેકન રીપોર્ટ રજુ થયેલ નથી કે લોકસભાએ હજુ ચર્ચા કરી નથી ત્યારે વિધાનસભામાં આ સંકલ્પ રજુ કરવાનો અર્થ માત્રને માત્ર ધાર્મિક લાગણીને દુભાવી અને જે દલીત સમાજ ભા.જ.પ.થી દૂર થઇ રહ્યો છે તેની ધર્મના નામે વોટબેન્ક કરવાનો પ્રયત્ન થયેલ છે. આ સંજોગોના કારણે ગુજરાત વિધાનસભા કોંગ્રેસપક્ષે સંકલ્પની ચર્ચાનો બહિષ્કાર કરીને વિધાનસભામાંથી વોકઆઉટ કરેલ.

---

પ્રતિ,
તંત્રીશ્રી,
સદરહુ પ્રેસનોટ આપના અખબારમાં પ્રસિદ્ધ કરવા માન. વિરોધપક્ષના નેતાશ્રીએ વિનંતી કરેલ છે.

**(જે. જે. રસાણીઆ)**
અંગત મદદનીશ